# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-08-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર

આકાશવાણી

સમાચાર સંસ્કૃતિ ભૂડિંયા વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં 188 હિન્દુ શરણાર્થીને CAA હેઠળ નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યા.
- ✓ ઇન્ડિયન મેડિકલ એસોસિએશને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી કોલકાતા દુષ્કર્મ કેસમાં હસ્તક્ષેપ કરવા માગ કરી.
- ✓ કોલકાતાની આર.જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની આસપાસ આગામી સાત દિવસ પાંચથી વધુ લોકોને એકત્રિત થવા પર પ્રતિબંધ.
- ✓ દેશમાં મંકીપૉક્સની સ્થિતિ પર કેન્દ્ર સરકારની ચાંપતી નજર – કેન્દ્રીય આરોગ્યમંત્રીએ ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી.
- ✓ અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કન ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસને વેગવાન બનાવવા આજે ઈઝરાયલના તેલઅવીવ પહોંચશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *GUJARAT - AMIT SHAH*

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગુજરાતના અમદાવાદમાં 188 હિન્દુ શરણાર્થીઓને નાગરિકતા સુધારા કાયદા- CAA અંતર્ગત ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કર્યા.**

**આ પ્રસંગે સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું કે, ભારતમાં ધર્મના આધારે વિભાજન કરાઇ રહ્યું છે. વધુમાં તેમણે કહ્યું કે, તૃષ્ટિકરણને કારણે અગાઉ નાગરિકતા આપી શકાઇ નહતી. શ્રી શાહે જણાવ્યું કે, કેટલીક રાજ્ય સરકારો નાગરિકતા કાયદાને લઇને ભ્રામક માન્યતાઓ ફેલાવી રહી છે. જો કે, સીએએ ન્યાય અને અધિકારનો કાયદો છે.**

**ગુજરાત પ્રવાસ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં ઑક્સિજન પાર્ક, મકરબા વિસ્તારના સ્વિમિંગ પૂલ અને વ્યાયામશાળા સહિત અમદાવાદ મહાનગરપાલિકાના એક હજાર ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા વિકાસકાર્યનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.**

## *IMA- PM LETTER*

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન - **IMA**એ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને પશ્ચિમ બંગાળના આર. જી. કર મેડિકલ કોલેજ કેસમાં હસ્તક્ષેપ કરવા અને આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા માટે કાયદો લાવવા માટે માગ કરી છે.

**IMA**એ પત્રમાં લખ્યું કે, તમામ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા એરપોર્ટ જેવી હોવી જોઈએ. **IMA**એ પત્રમાં આર. જી. કર મેડિકલ કોલેજ કેસની તપાસ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય અને અને તાત્કાલિક ન્યાયની માગ કરી છે. તેમ જ પીડિત પરિવાર માટે યોગ્ય વળતર અને તબીબો માટે કામ કરવાની સ્થિતિમાં સુધારો કરવાની પણ માગ કરી છે.

## *KOLKATA BNSS*

કોલકાતાની આર.જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલની આસપાસ ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવવા આગામી સાત દિવસ માટે પોલીસે પાંચથી વધુ લોકોને એકત્રિત થવા પર પ્રતિબંધ લગાવ્યો છે. પોલીસે અહીં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની ધારા 163 લગાવી છે. કોલકાતા પોલીસે મેડિકલ કૉલેજમાં હિંસક ઘટના મામલે 14 ઑગસ્ટે રાત્રે ભારતીય વિદ્યાર્થી સંઘના 2 નેતાની ધરપકડ કરી છે.

દરમિયાન કેન્દ્રીય તપાસ સંસ્થા – CBIએ આર.જી. કર મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલને CGO કૉમ્પ્લેક્સમાં પૂછપરછ માટે બોલાવ્યા છે. ગઈકાલે પણ તેની પૂછપરછ કરવામાં આવી હતી.

## *CBI - PROBE*

કેન્દ્રીય તપાસ સંસ્થા - CBI કોલકાતામાં મહિલા તબીબના દુષ્કર્મ અને હત્યાના આરોપી સંજય રોયની મનોવૈજ્ઞાનિક તપાસ કરશે. દિલ્હીમાં આવેલી સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના મનોવૈજ્ઞાનિક અને વર્તન પરીક્ષણ નિષ્ણાતોની એક ટીમ જરૂરી પરીક્ષણો માટે કોલકાતા પહોંચી છે. CBIએ સંજય રોયને પહેલા જ કસ્ટડીમાં લઈ લીધો છે.

દરમિયાન CBI દ્વારા આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ ડૉ. સંદીપ ઘોષની ગઈકાલે સતત બીજા દિવસે

કલાકો સુધી પૂછપરછ કરવામાં આવી હતી. CBIએ તેમની ફરીથી પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે.

## *MONKEYPOX VIRUS*

કેન્દ્ર સરકારે ગઈકાલે કહ્યું, તેઓ મંકીપૉક્સની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. બિમારીને પ્રસરતા રોકવા અને અંકુશમાં લેવા માટેની તૈયારી અને સાવચેતીના ઉપાય પણ કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયે કહ્યું, ભારતમાં અત્યાર સુધી મંકીપૉક્સનો એક પણ કેસ નોંધાયો નથી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાની અધ્યક્ષતામાં ગઈકાલે આરોગ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી., જેમાં સૌથી વધારે સાવચેતીના પગલાં લેવા અંગે નિર્ણય લેવાયો હતો.

સ્વીડન અને પાકિસ્તાનમાં મંકીપૉક્સના કેસના રિપોર્ટ આવ્યા બાદ આ ચેપી રોગના નિષ્ણાતોએ આરોગ્ય અધિકારીઓ સાથે ભારતના મુખ્ય હવાઈમથક પર આ બિમારીની તપાસ શરૂ કરવાનો આગ્રહ કર્યો હતો.

## *US ISRAEL*

અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિન્કન ગાઝામાં યુદ્ધવિરામના પ્રયાસને વેગવાન બનાવવા આજે ઈઝરાયલના તેલઅવીવ પહોંચશે. ગયા વર્ષે ઑક્ટોબર મહિનામાં ઈઝરાયેલ પર હમાસના આતંકવાદી હુમલા બાદ શ્રી બ્લિન્કનનો પશ્ચિમ એશિયાનો આ નવમો પ્રવાસ છે. તેઓ કાહિરા ખાતે યોજાનારી ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પરોક્ષ શાંતિ વાર્તા પર પણ નજર રાખશે.

ઈઝરાયેલી અધિકારીઓના જણાવ્યા મુજબ, શ્રી બ્લિન્કન ઈઝરાયેલના રાષ્ટ્રપતિ ઇશાક હરજોગ, પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ મંત્રી યોઆવે ગેલેન્ટ સાથે પણ મુલાકાત કરશે.

## *US COURT - RANA*

26 નવેમ્બર 2008ના મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાને અમેરિકાથી ભારતમાં પરત મોકલવામાં આવી શકે છે. અમેરિકાની કેલિફોર્નિયા અદાલતે ચુકાદામાં કહ્યું કે, ભારત-અમેરિકા પ્રત્યાર્પણ સંધિ હેઠળ તહવ્વુર હુસૈન રાણાના પ્રત્યાર્પણને મંજૂરી આપી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, મુંબઈ હુમલામાં 160 લોકોના મોત નિપજ્યા હતા. આ ચુકાદો 63 વર્ષીય તહવ્વુર હુસૈન રાણાએ ભારત પ્રત્યાર્પણની શક્યતા સામે કરેલી અપીલ પર આપવામાં આવ્યો હતો. તહવ્વુર હુસૈન રાણા 26/11ના હુમલાના આરોપમાં લોસ એન્જલસની જેલમાં છે. રાણા પાકિસ્તાની મૂળનો અમેરિકન નાગરિક અને લશ્કર-એ-તૈયબાના આતંકવાદી ડેવિડ કોલમેન હેડલી સાથે સંકળાયેલો છે. જ્યારે કોલમેન આ હુમલાના મુખ્ય આરોપીઓમાંનો એક છે. રાણા પર પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI સાથે સંબંધ હોવાનો પણ આરોપ છે.

## *RUSSIA EARTHQUAKE*

રશિયાના પૂર્વ તટ પર આજે વહેલી સવારે સાત રિક્ટર સ્કેલની તીવ્રતાના ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર પેટ્રોપાવલોસ્ક-કામશાકી શહેરમાં 48 કિલોમીટર ઊંડાણમાં નોંધાયું હતું. અમેરિકાના હવામાન વિભાગે શરૂઆતમાં કહ્યું, ભૂકંપ અસરગ્રસ્ત વિસ્તારથી 300 કિલોમીટર સુધીના વિસ્તારમાં ત્સુનામી આવવાની શક્યતા છે. જોકે, બાદમાં વિભાગે આ સંભાવનાને નકારી દીધી હતી.

## *PM MODI CONGRATULATES THAILAND PM*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ થાઇલેન્ડનાં નવનિયુક્ત પ્રધાનમંત્રી પેન્તોગર્ટાન શિનાવાત્રાને અભિનંદન પાઠવ્યા છે. તેમનાં સફળ કાર્યકાળની પ્રાર્થના કરતાં, પ્રધાનમંત્રીએ આગામી સમયમાં બંને દેશના સબંધ વધુ મજબૂત થવાની આશા વ્યક્ત કરી હતી. શ્રી મોદીએ કહ્યું, બંને દેશ વચ્ચે સંસ્કૃતિ, સભ્યતા અને જનસંપર્ક પર આધારિત સંબંધોનો ઐતિહાસિક વારસો છે.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ પ્રધાનમંત્રી થાકસિનનાં પુત્રી પેન્તોગર્ટાન શિનાવાત્રાને આજે સવારે ફેઉ થાઈ પાર્ટી મુખ્યમથકમાં થાઈલેન્ડના 31મા પ્રધાનમંત્રી તરીકે નિયુક્ત કરવાનો શાહી આદેશ મળ્યો છે. 37 વર્ષીય પેન્તોગર્ટાન ઇતિહાસમાં સૌથી ઓછી વયનાં અને બીજા મહિલા પ્રધાનમંત્રી છે.

## *JK REVIEW SITUATION*

જમ્મુ-કાશ્મીરમાં ઉત્તરી કમાનના લેફ્ટનન્ટ જનરલ એમ. વી. સૂચિન્દ્ર કુમારે કાશ્મીર ખીણમાં સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરી છે. દરમિયાન તેમણે વર્તમાન સુરક્ષા વ્યવસ્થા અને અમરનાથજી યાત્રા માટે સેનાની તૈયારી અંગે પણ માહિતી મેળવી હતી.

લેફ્ટનન્ટ જનરલ સૂચિન્દ્રએ આયોજન કરવા, સાહસ અને અભિયાનોમાં નોંધપાત્ર ભૂમિકા નિભાવનારા સૈનિકોને પણ સન્માનિત કર્યા હતા. તેમણે તાલીમ, ખાનગી નેટવર્કને મજબૂત બનાવવા અને અભિયાનોમાં નવી તકનીકને સામેલ કરવા પર ભાર મૂક્યો હતો.

જમ્મુ-કાશ્મીર પોલીસના વિશેષ મહાનિદેશક નલિન પ્રભાતે સેના કમાન્ડર સાથે મુલાકાત કરી સુરક્ષા સ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

## *TARIQ - JKPCC*

કોંગ્રેસના વરિષ્ઠ નેતા તારિક હમીદ કર્રાએ જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ તરીકે ગઈકાલે હોદ્દો સંભાળ્યો. શ્રી કર્રાએ શ્રીનગરની કોઈ પણ વિધાનસભા બેઠક માટે ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી હતી. તેમણે કહ્યું કે, તેમનો ઉદ્દેશ્ય વિધાનસભા ચૂંટણી અને તેમની પાર્ટી માટે બેઠકો જીતવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

શ્રી કર્રાએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરના પ્રાદેશિક દળ સાથે ચૂંટણી પહેલાના ગઠબંધનનો નિર્ણય, સ્થાનિક નેતાઓ અને કેન્દ્રીય નેતૃત્વ સાથે ચર્ચા કર્યા પછી જ લેવાશે.

ઉલ્લેખનીય છે કે, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી-PDPના ભૂતપૂર્વ નેતા, શ્રી કર્રાએ અગાઉ રાજ્યમાં PDP-કોંગ્રેસ ગઠબંધન સરકારમાં નાણાંમંત્રી તરીકે સેવા આપી હતી. તેઓ વર્ષ 2017માં કોંગ્રેસમાં જોડાયા હતા.

## *WEATHER*

ભારતીય હવામાન વિભાગે આગામી 2-3 દિવસ સુધી દેશના પૂર્વ ભાગમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે દક્ષિણ બાંગ્લાદેશ ઉપરનો નીચા દબાણનો વિસ્તાર આવતીકાલ સુધીમાં ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધે અને બાંગ્લાદેશને અડીને આવેલા ગંગાના પશ્ચિમ બંગાળ નજીક લો પ્રેશરની સંભાવના છે. જેમને લઈ ગંગાના પશ્ચિમ બંગાળ, ઓડિશા, ઝારખંડ, બિહાર, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આ મહિનાની 20 તારીખ સુધી ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. હવામાન વિભાગે પણ આગામી 2-3 દિવસ દરમિયાન કેરળ, તમિલનાડુ અને લક્ષદ્વીપમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

આ દરમિયાન, IMDએ જણાવ્યું હતું કે, દિલ્હીમાં આખા સપ્તાહ દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું આકાશ અને હળવા વરસાદ પછી વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની અપેક્ષા છે.